# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2025 JULY | NO: 05


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

ગીતશાસ્ત્ર ૭:૧-૬

૧. હે યહોવા, અમારા પ્રભુ, આખી પૃથ્વીમાં તારું નામ કેવું ઉત્તમ છે! તેં આકાશમાં પોતાનો મહિમા મૂક્યો છે.

૨. તારા શત્રુઓને લીધે તેં બાળકોને તથા ધાવણાંઓને મોઢે તારું બળ પ્રગટ કર્યું છે કે, શત્રુને તથા વેરીને તું શાંત પાડે.

૩. આકાશો, જે તારા હાથનાં કૃત્યો છે, અને ચંદ્ર તથા તારાઓ, જેઓને તેં ઠરાવ્યા છે, તેઓ વિષે હું વિચાર કરું છું;

૪. ત્યારે (હું કહું છું કે,) માણસ તે કોણ છે કે, તું તેનું સ્મરણ કરે છે? અને મનુષ્યપુત્ર કોણ કે, તું તેની મુલાકાત લે છે?

૫. કેમ કે તેં તેને દેવ કરતાં થોડો જ ઊતરતો સૃજ્યો છે, અને તું તેના પર ગૌરવ તથા માનનો મુગટ મૂકે છે.

૬. તારા હાથનાં કામ પર તેં તેને અધિકાર આપ્યો છે; તેના પગ તળે તેં સઘળું મૂક્યું છેઃ

૭. એટલે સર્વ મેંઢાં તથા ઢોર, હા, રાની પશુઓ પણ;

૮. આકાશનાં પક્ષીઓ, સમુદ્રનાં માછલાં, હા, સમુદ્રમાં જે કંઈ ચાલે છે તે (બધું તેં તેની સત્તા નીચે મૂક્યું છે.)

૯. હે યહોવા, અમારા પ્રભુ, આખી પૃથ્વીમાં તારું નામ કેવું ઉત્તમ છે!

## તમે બહુ ફળ આપો માટે તમને પસંદ કરવામાં આવ્યા છે! – બહેન એન્જલ

## YOU ARE CHOSEN TO BEAR FRUIT!



આપણા પ્રભુ તથા તારનાર, ઈસુ ખ્રિસ્તના અનુપમ નામમાં આપ સૌને શુભેચ્છાઓ!

૨૦૨૫ના બીજા ભાગમાં આપણને કૃપાળુ રીતે પગ મૂકવાની મંજૂરી આપવા બદલ હું ઈશ્વરનો આભાર માનું છું અને તેમની સ્તુતિ કરું છું. તેમનું વિશ્વાસુપણું મહાન છે!

જ્યારે આપણે આ વર્ષમાં આગળ વધી રહ્યા છીએ, ત્યારે મને આશ્ચર્ય થાય છે કે આપણામાંના ઘણાઓએ હજી પણ આપણા નવા વર્ષના ઠરાવોને પકડી રાખ્યા છે. આજે આપણે જે છીએ તે ગઈકાલે આપણે લીધેલા નિર્ણયો અને પસંદગીઓનું પરિણામ છે. એ જ રીતે, જ્યાં આપણે આવતીકાલે રહીશું તે આજે આપણે જે પસંદગીઓ કરીએ છીએ તેના પર નિર્ભર રહે છે. દરેક પસંદગી પરિણામો વહન કરે છે.

દરરોજ, આપણે અસંખ્ય નિર્ણયોનો સામનો કરીએ છીએ – આજે શું ખાવું, શું પહેરવું, કામ પર જવું જોઈએ કે નહિ, અને આ રીતે. આપણે ઘણી વાર તે સમજ્યા વિના સેંકડો પસંદગીઓ કરીએ છીએ.

આ બધા નિર્ણયો વચ્ચે, ઈસુ ખ્રિસ્તનો અવાજ સાંભળો, જેઓ કહે છે કેઃ ''મેં તમને પસંદ કર્યા છે!'' યોહાન ૧૫:૧૬ કહે છે, **''તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે.''**

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીઝ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ – સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે

* Please Subscribe and Share *

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*

REACHING NATIONS





### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.


HON. EDITOR-IN-CHIEF
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

EX MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM., MBA.

ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.

EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858
95661 31858

E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org

YOUTUBE CHANNEL
Echo of His Call


## “કેમ કે યહોવા તારું રક્ષણ કરશે, અને તારા પગને સપડાઈ જતો બચાવશે.”

**- નીતિવચનો ૩:૨૬**

ઈસુ ખ્રિસ્તમાં પ્રિય વહાલા મિત્રો, આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં હાર્દિક શુભેચ્છાઓ!

ઈશ્વરની સાર્વભૌમ કૃપા થકી, આપણે જૂનના ઘણા જ ખાસ મહિનામાંથી આગળ પસાર થયા છીએ.

તે અમારી મિનિસ્ટ્રીના વિવિધ વિસ્તારોમાં ઘણી બધી પ્રવૃત્તિઓથી ભરેલી મોસમ હતીઃ **ઈકો ઓફ હીજ કોલ** સામયિક, સુવાર્તા છાપખાનું, મુખ્ય ચર્ચ તથા શાખા ચર્ચો, બાઈબલકોર - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ (બુનિયાદી, મૂળભૂત), **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ, નહેમ્યા બાઈબલ કોલેજો, સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન ક્રિશ્ચિયન અંગ્રેજી ઉચ્ચ માધ્યમિક સ્કૂલ** બાળકોની વેકેશન મિનિસ્ટ્રી, જુવાનોની મિનિસ્ટ્રી, હોસ્પિટલ મિનિસ્ટ્રી, પુરુષોની તથા મહિલાઓની મિનિસ્ટ્રી, મિશન કેન્દ્રો, યૂટ્યુબ મિનિસ્ટ્રી, અને અમારી વહીવટી ટીમો અને પરિવારો સહિતની ઘણી અન્ય પ્રવૃત્તિઓ.

સેંકડો સમર્પિત વ્યક્તિઓએ આ વિવિધ વિસ્તારોમાં વિશ્વાસપૂર્વક મહેનત કરી છે.

અમારા મુખ્ય આગેવાનો પ્રાર્થના, વ્યૂહાત્મક આયોજન અને બહારી ક્ષેત્રના પ્રતિભાવની માહિતીની સમીક્ષા કરવા માટે દર મહિને એકત્રિત થવાનું ચાલુ રાખે છે. અમે તેમના પરની પ્રભુની ભરપૂર કૃપા માટે પ્રભુના આભારી છીએ.



*ચર્ચમાં માસિક પ્રાર્થના માટે મુખ્ય આગેવાનો એકઠા થયા હતા.*

અમારો જુવાનો માટેનો ખાસ યુથ કેમ્પ ૭ જૂન, ૨૦૨૫ના રોજ **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** કેમ્પસમાં આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં ૨૦૦થી વધુ જુવાન છોકરાઓ તથા છોકરીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તે અભિષેક પ્રાપ્ત કરવાનો એક સામર્થ્યવાન સમય હતો, કેમ કે જુવાનોને તેમના ભવિષ્ય માટે અને તેમના તેડાં માટે દૈવી દર્શન પ્રાપ્ત થયું હતું. અમે અત્યારથી જ તેમના જીવનોમાં યથાર્થ, ખરેખર આત્મિક પરિવર્તન જોવાનું





જુવાનો માટેનો ખાસ યુથ કેમ્પ

શરૂ કર્યું છે, અને નોંધપાત્ર રીતે, તેમના નવા જીવનોએ પણ તેમના પરિવારોમાં સકારાત્મક પરિવર્તન લાવ્યા છે – ખાસ કરીને તેમના માતાપિતાઓમાં. અમે તેમના આત્માની આ મહાન રજૂઆત માટે ઈશ્વરને સર્વ માન મહિમા આપીએ છીએ!

**ચેપોકમાં અમારા મુખ્ય ચર્ચમાં** અને **સંથોષપુરમમાં શાખા ચર્ચમાં**, બંનેમાં ૨૦મી જૂનથી ૨૨મી સુધી યોજાયેલા કૌટુંબિક આશીર્વાદ શિબિરો માટે અમે ઈશ્વરનો આભાર માનીએ છીએ. ઈશ્વરે કૃપાળુ રીતે તેમના આશીર્વાદો રેડ્યા, અને અમે એક ભરપૂર આત્મિક ફસલ જોઈ હતી. તમારી વિશ્વાસુ પ્રાર્થનાઓ બદલ આભાર!

અમે અમારી સર્વ મિનિસ્ટ્રીઓ અને બહુવિધ મિનિસ્ટ્રીઓ જેમાં અમે જોડાયેલા છે, તેઓ માટે તમારી સતતની પ્રાર્થનાઓ માટે વિનંતી કરીએ છીએ. જ્યારે આપણે અંધકારની શક્તિઓ સામે આત્મિક યુદ્ધમાં આગળની હરોળોમાં ઊભા છીએ, ત્યારે અમે ઘણા પડકારો અને અવરોધોનો સામનો કરીએ છીએ. તમારી પ્રાર્થનાઓ અને ટેકાનો અર્થ શબ્દોમાં વ્યક્ત કરી શકાય તે કરતા વધુ છે.

આવો ઈશ્વર તમને સમૃદ્ધતાથી આશીર્વાદિત કરો.

તેમની સેવામાં,

**ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી ટીમ**
E.mail : sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

આ કલમ આત્મ-નિશ્ચયતાની આપણી આધુનિક કલ્પનાને પડકાર આપે છે. આપણે ઘણી વાર આપણી પસંદગીઓ પર ગર્વ અનુભવીએ છીએ, ખાસ કરીને આપણી આત્મિક ચાલમાં. પણ ઈસુ ખ્રિસ્ત તે પરિપ્રેક્ષ્યને ઉપરનીચે કરી નાખે છે. શરૂઆતથી જ, ઈશ્વર આપણને તેમની પોતાની તરફ ખેંચી રહ્યા છે.

પ્રાચીન યહૂદી પરંપરામાં, તે શિષ્યો હતા જેમણે તેમના રાબ્બીઓની શોધ કરી હતી, તેમની પાસે જતા હતા. પણ ઈસુ ખ્રિસ્તે આ દાખલાને ઉલટાવી નાખ્યો છે – તે તેઓ પોતે છે જેમણે આપણને પસંદ કર્યા છે.

## ૧. સંદર્ભને સમજવો!

આ કલમની ઊંડાઈને સમજવા માટે, ઈસુ ખ્રિસ્ત જે સંદર્ભમાં બોલ્યા તે ધ્યાનમાં લેવું મહત્વપૂર્ણ છે – તે ક્ષણની ઐતિહાસિક સ્થાપિત પરિસ્થિતિ અને તેમના શિષ્યોની ભાવનાત્મક સ્થિતિ.

## ખાસ તાકીદની સૂચના!




ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં **ઈકો ઓફ હીજ કોલ**ની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના **ઈકો ઓફ હીજ કોલ** પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો.

તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India
Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org



## પ્રાર્થના વિનંતી:

કૃપા કરીને તમારી પ્રાર્થનાઓમાં તારીખ ૮ થી ૧૦, ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ મુકરર થયેલી ૩-દિવસીય કૌટુંબિક શિબિરને ધરી રાખશો.

### ૨. ઐતિહાસિક સંદર્ભ!

યોહાન ૧૫:૧૬ની કલમ તેમના છેલ્લા પાસ્ખાપર્વ ભોજન દરમિયાન ઈસુ ખ્રિસ્ત દ્વારા બોલવામાં આવેલી હતી–એક પળ યહૂદી લોકો માટે મહત્વથી ભરપૂર, કેમ કે તે એક રાષ્ટ્ર તરીકેની તેમની ઓળખ અને છૂટકારાની ઉજવણી કરવા માટે હતી. આ પવિત્ર મેળાવડામાં, ઈસુ ખ્રિસ્ત ઈશ્વરના લોકો બનવાનો અર્થ શું છે તે ફરીથી વ્યાખ્યાયિત કરે છે.

તેઓ એક ભાડે લીધેલી ઉપલી મેડીમાં બેઠા હતા, મોટે ભાગે યરૂશાલેમમાં, તેમના બાર શિષ્યો સાથે. તે અહીં હતું કે તેમણે પ્રભુના છેલ્લા ભોજનને સ્થાપિત કર્યું હતું. આ જ બેઠકમાં, તેમણે તેમના અંતિમ ઉપદેશો–તેમનું વિદાયનું પ્રવચન આપ્યું હતું. છે. આ હળવાશથી લેવાની કોઈ ટિપ્પણી નથી; તે તેમના જવા પછી શિષ્યોને તૈયાર કરવા અને ટકાવી રાખવા માટેના નિર્ણાયક સત્યો છે.

આ તેમના છેલ્લા કલાકોમાં ઈસુ ખ્રિસ્તના વચનોની તાકીદને અને ભારને ઉજાગર કરે છે. તે ઊંડા હેતુના વચનો છે, પ્રેમમાં અને દૈવી અગમચેતી સાથે બોલાયેલા છે.

### ૩. શિષ્યોની ભાવનાત્મક સ્થિતિ!

શિષ્યોની માનસિક અને ભાવનાત્મક સ્થિતિની કલ્પના કરો. તેઓ ત્રણ વર્ષોથી ઈસુ ખ્રિસ્તની સાથે હતા–તેમની સાથે ચાલવું, તેમની સાથે જમવું, તેમની સાથે સેવા આપવી, અને તેમની સાથે દિવસરાત રહીને તેમની પાસેથી શીખવામાં ગાળ્યા હતા. સૌથી અગત્યનું, તેઓએ તેમની પોતાની પાસેની માલિકીની દરેક વસ્તુને સ્વેચ્છાએ અને સંપૂર્ણ અંતઃકરણથી તેમને અનુસરવા માટે છોડી દીધી હતી.

હવે અચાનક, તેઓ તેમના માલિક તરફથી દુઃખદાયક શબ્દો સાંભળી રહ્યા છે : તે કે તેઓ મરવા જઈ રહ્યા છે, તેઓમાંનો એક તેમનો વિશ્વાસઘાત કરવાનો છે, અને બીજો એક તેમનો નકાર કરશે. શું તમે કલ્પના કરી શકો છો કે તેઓએ કેવી માનસિક અશાંતિ અનુભવી હશે? તેમની આખી દુનિયા તેમના પગની નીચે ધ્રુજી રહી હતી.

કદાચ તમારામાંથી કેટલાક આ વાંચી રહ્યા હશે ત્યારે આવી જ સ્થિતિમાં છો – જ્યાં તમારી દુનિયા, તમારી આશાઓ અને તમારો ભરોસો ઉઠી રહ્યો હોય તેવું લાગે. તમે કદાચ પૂછશો, હું શું પકડી રાખી શકું? જો તે તમે છો, તો આ જાણોઃ ઈશ્વર પાસે તમારા માટે એક વિશેષ સંદેશો છે.

મહત્વશીલ ઉપદેશો સૌથી અણધારી ક્ષણોમાં ઘણીવાર ઉભરી આવે છે, ખાસ કરીને કટોકટીના સમય દરમિયાન. તે તે ક્ષણે હતું કે ઈસુ ખ્રિસ્ત તેમના શિષ્યો સાથે આ વચનો બોલ્યા હતાઃ ફળ આપવા માટે. પણ આવા પડકારજનક સમય દરમિયાન કોઈ પણ ફળ કેવી રીતે ઉત્પન્ન કરી શકે?

આ લેખ બે ભાગોમાં રજૂ કરવામાં આવશે. આ મહિને, આપણે યોહાન ૧૫:૧૬ના પ્રથમ ભાગ પર મનન કરીશું: આપણને પસંદ કરવામાં ઈશ્વરની પસંદગી. આવતા મહિને, કાયમી ફળ ઉપજાવવા માટે – આપણે તે પસંદગી પાછળના હેતુ પર સંશોધન કરીશું.

## I. દૈવી પસંદગીઃ

### ઈશ્વરની પસંદગીમાં ચાર પાસાંઓ છે!

### (અ) ઈશ્વર સંબંધની શરૂઆત કરે છે!

શાસ્ત્ર સતત જાહેર કરે છે કે તે ઈશ્વર છે જેઓ સંબંધની શરૂઆત કરે છે. ઈસુ ખ્રિસ્તે કહ્યું કે, પણ મેં તમને પસંદ કર્યા છે. અહીં ''પસંદ કર્યા છે'' માટે વપરાયેલ ગ્રીક શબ્દ એક્લેગોમાઈ (eklegomai) છે, જેનો અર્થ પોતાને માટે પસંદ કરવા અથવા ચૂંટી કાઢવા. આ જ સત્યએ એફેસીઓને પત્ર ૧:૪માં પડઘો પાડ્યો છે, **''....તેમણે જગતના મંડાણની અગાઉ આપણને એમનામાં પસંદ કર્યા છે.''**

આ આપણી માનવીય વૃત્તિને માનવા માટે પડકાર આપે છે કે આપણે ઈશ્વરને શોધી કાઢ્યા છે, જ્યારે હકીકતમાં, તે તેઓ જ છે જેઓ આપણને બધાની સાથે શોધે છે. ખોવાયેલા ઘેટાંના દ્રષ્ટાંતનો વિચાર કરોઃ ઘેટાપાળક એક ઘેટાંને શોધવા માટે જાય છે જે ખોવાઈ ગયું છે. તે જ રીતે, આપણા પ્રેમાળ ભલા ભરવાડ, ઘેટાપાળક તમારી અને મારી શોધમાં આવે છે–આપણને શોધવા અને પિતાની સાથે પુનઃસ્થાપિત કરવા માટે.

આ દૈવી પસંદગી ન તો મનસ્વી છે કે આમતેમ છે – તે હેતુપૂર્વક અને ઉંડાણપૂર્વક વ્યક્તિગત છે. જગતમાંના સર્વ લોકોમાંથી, ઈશ્વરે તમને પસંદ કર્યા છે. કેવો અતુલ્ય વિશેષાધિકાર!

આવો આપણે આ પાયાના સત્યને યાદ રાખીએઃ આપણું અસ્તિત્વ ઈરાદાપૂર્વક છે. તમને અને મને હેતુ સાથે સર્જવામાં આવ્યા હતા. આપણે સર્જનના કોઈ અમસ્તા એવા ઉત્પાદનો નથી – આપણે ઈશ્વર દ્વારા પસંદ કરાયેલા, તેમના નમૂના દ્વારા રચાયેલા છીએ.

### (બ) અમાપ કૃપા!

ઈશ્વરની પસંદગી આપણી યોગ્યતાઓ અથવા સિદ્ધિઓ પર આધારિત નથી. રોમનોને પત્ર ૯:૧૧–૧૨ એ વાત પર પ્રકાશ પાડે છે કે યાકૂબ તથા એસાવે હજું કંઈ પણ સારું કે ભૂંડું કર્યું ન હતું તે પહેલાં તેમને પસંદ કરવામાં આવ્યા હતા. આ સ્પષ્ટ રીતે બતાવે છે કે ઈશ્વરની કૃપા આપણે જે કંઈ કમાઈએ છીએ કે નિષ્ફળ જઈએ છીએ તેને લીધે નથી – પણ મુક્તપણે આપવામાં આવે છે. તે એક કૃપાનો જ સ્વભાવ છેઃ જેને માટે આપણે યોગ્ય નથી એવી એક ભેટ. આ સત્ય આપણને પ્રભાવ આધારિત ધર્મથી મુક્ત કરે છે.

તેથી, જો તમારામાંથી કોઈ નિરાશા અનુભવે છે કારણ કે તમે તમારું બાઈબલ વાંચ્યું નથી અથવા સતત પ્રાર્થના કરી નથી, તો એવું ન વિચારો કે તમે ખોવાયેલા છો. આપણી લાયકાત આપણી કરણીઓથી આવતી નથી, પણ ઈશ્વરની કૃપાથી આવે છે!

જો કે, પ્રાર્થનામાં વ્યસ્ત રહેવાથી, વચન વાંચવાથી, અને તેમની સાથે સમય વિતાવવાથી આપણને તેમની સાથેના આપણા સંબંધોમાં વૃદ્ધિ કરવામાં, તેમની ઈચ્છાને સમજવામાં, અને જીવન જીવવામાં સહાયરૂપ થાય છે જે તેમને પ્રસન્ન કરે છે. પ્રભુની સાથેની આપણી મુસાફરી ખાનાઓને તપાસવા અથવા પ્રદર્શનના લક્ષ્યોને પૂરા કરવા વિશે નથી; તે વિશ્વાસથી જીવવા વિશે છે–તેમની અમર્યાદિત લાયકાતની કૃપામાં વિશ્વાસ વિશે છે.

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર 6:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ જુલાઈ ૨૦૨૫ થી ૧૮ ઓગસ્ટ ૨૦૨૫ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**જુલાઈ ૧૯ :** **નહેમ્યા બાઈબલ કોલેજો** અને **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં નવા પ્રવેશો પરના તેમના આશીર્વાદોને માટે.

**જુલાઈ ૨૦ :** આપણા સર્વ સહ સંપાદકો અને તેમના પરિવારો પરની તેમની કૃપા માટે.

**જુલાઈ ૨૧ :** આપણી મંડળીઓમાં સેવા આપતા સર્વ પાળકો તથા સ્વયંસેવકો માટે.

**જુલાઈ ૨૨ :** જુવાનો તથા બાળકોની કાળજી કરનાર **વૈશ્વિક દર્શન મિનિસ્ટ્રીજ** પરના તેમના આશીર્વાદને માટે.

**જુલાઈ ૨૩ :** અમારા ચર્ચમાં નવા વિશ્વાસીઓને ઉમેરવા માટે.

**જુલાઈ ૨૪ :** અમને વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા ફેલાવવા સક્ષમ કરવા માટે.

**જુલાઈ ૨૫ :** અમારા મિશન કાર્યકરોની અવિરત પ્રતિબદ્ધતાને માટે.

**જુલાઈ ૨૬ :** સર્વ દેશો પરની તેમની સુરક્ષાને માટે.

**જુલાઈ ૨૭ :** નવા બચાવ પામેલાનો અભિષેક કરવા માટે અને તેમને અમારા ચર્ચની સંગતમાં લાવવા માટે.

**જુલાઈ ૨૮ :** આપણા રાજ્ય કોઓર્ડિનેટરો અને તેમની સંગતમાંની આગેવાની અને એકતા માટે.

**જુલાઈ ૨૯ :** આપણા વિશ્વાસુ સમર્થકોની અવિરત પ્રાર્થનાઓ માટે અને ઉદાર સહાયતાને માટે.

**જુલાઈ ૩૦ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર તેમની દયાને માટે.

**જુલાઈ ૩૧ :** અમારા સુવાર્તા છાપખાનાના અવિરત સંચાલન માટે અને તેના કાર્યકરોની કાર્યક્ષમતાને માટે.

**ઓગસ્ટ ૦૧ :** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં (ગ્રામ્ય ઉચ્ચ માધ્યમિક શાળા)** સમર્પિત અને વ્યાવસાયિક શિક્ષકોની નિમણૂકને માટે.

**ઓગસ્ટ ૦૨ :** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવાર પરના ભરપૂર આશીર્વાદોને માટે.

**ઓગસ્ટ ૦૩ :** ૧૯૬૯થી શરૂ થયેલી અમારી સામયિક મિનિસ્ટ્રીની પ્રતિબદ્ધતા પરના તેમના અવિરત આશીર્વાદોને માટે.

કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો....

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**ઓગસ્ટ ૦૪ :** સુવાર્તા સાથે વણખેડાયેલા વિસ્તારોમાં પહોંચાડવાની કૃપા આપવા માટે.

**ઓગસ્ટ ૦૫ :** સર્વ ધર્મો મધ્યે સંવાદિતતા અને એકતા માટે.

**ઓગસ્ટ ૦૬ :** વિશ્વભરમાં શાંતિ સ્થપાય તે માટે.

**ઓગસ્ટ ૦૭ :** મહિલાઓ અને બાળકો સામે થતા અત્યાચાર નાબૂદ થાય તે માટે.

**ઓગસ્ટ ૦૮ :** આપણા સહ સંપાદકો અને તેમના પરિવારોની સારી તંદુરસ્તી અને સ્વાસ્થ્ય માટે.

**ઓગસ્ટ ૦૯ :** સર્વ દેશોમાં પ્રામાણિકતા અને ન્યાયીપણું જળવાઈ રહે તે માટે.

**ઓગસ્ટ ૧૦ :** જ્યારે **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ** આજે તેના ૫૭મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે ત્યારે તેમાં ઈશ્વરની અવિરત દોરવણીને માટે.

**ઓગસ્ટ ૧૧ :** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજની યોજનાઓ પરના ઈશ્વરના આશીર્વાદોને માટે

**ઓગસ્ટ ૧૨ :** આયોજન અને વિકાસના દરેક ક્ષેત્રમાં સર્વ દેશો માટે એકતા અને સર્વગ્રાહી પ્રગતિને માટે.

**ઓગસ્ટ ૧૩ :** વિશ્વભરના લોકોની જરૂરિયાતો પૂરી પાડવાની વ્યવસ્થાને માટે.

**ઓગસ્ટ ૧૪ :** વૈશ્વિક આર્થિક મંદીનો અંત આવે તે માટે.

**ઓગસ્ટ ૧૫ :** **વેકેશન બાઈબલ સ્કૂલ (વીબીએસ)** દરમિયાન બાળકોને ઈસુ ખ્રિસ્તના પ્રેમનો સ્પર્શ થાય અને તેઓ પ્રભુમાં વૃદ્ધિ પામે અને ચર્ચમાં વિશ્વાસપૂર્વક હાજર રહે તે માટે.

**ઓગસ્ટ ૧૬ :** મિશનરીઓ તથા ઈશ્વરના સેવકોની વિરુદ્ધ થતી હિંસાચાર બંધ થાય તે માટે.

**ઓગસ્ટ ૧૭ :** પરિવારોને વિભાજીત કરવાના શેતાનના કાર્યોના હેતુનો નાશ થાય તે માટે.

**ઓગસ્ટ ૧૮ :** ઈશ્વરના બાળકો પર આત્મિક તથા દુન્યવી આશીર્વાદોને માટે.

(પાન ૪ પરથી આગળ...)

આથી જ ઈસુ ખ્રિસ્ત દુનિયામાં આવ્યાઃ તેઓ વધસ્તંભ પર મરણ પામ્યા હતા, તેમને દાટવામાં આવ્યા અને ત્રીજે દિવસે તેઓ ફરીથી સજીવન થયા હતા. તેઓ એક અદ્ભૂત, સાર્વભૌમ ઈશ્વર છે. તે આપણે કોણ છીએ તેના કારણે નથી – તે તેઓ કોણ છે તેના કારણે છે!

## (ક) પ્રેમમાં પસંદગી!

ત્રીજું, ઈશ્વરની પસંદગી પાછળની પ્રેરણા પ્રેમ છે. પુનર્નિયમ ૭:૭–૮ જાહેર કરે છે કે **ઈશ્વરે ઈસ્રાએલપુત્રોની એટલા માટે પસંદગી કરી નહોતી કે તેઓ સંખ્યામાં ઘણા હતા અથવા પ્રભાવશાળી હતા, પણ ફક્ત એટલા માટે કે તેઓ તેમના પર પ્રીતિ કરતા હતા.** તેમની પસંદગી તેમના પ્રેમાળ સ્વભાવમાંથી ઉત્પન્ન થઈ છે, આપણી યોગ્યતાને લીધે નહિ.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે – આપણા ભૂતકાળને ધ્યાનમાં લીધા વિના. ઈશ્વરના પ્રેમથી આપણને કંઈપણ જુદા કરી શકતું નથી. જો તમે ક્યારેય તેમના પ્રેમનો અનુભવ કર્યો નથી, અથવા જો તમે કર્યો હોય તો, પણ તેમનો વધસ્તંભ ઉંચકીને લઈ જવામાં અચકાતા હોય, તો આ સંદેશો તમારા માટે છે. ઈશ્વર કોઈના પણ દ્વારા કાર્ય કરી શકે છે, જૂથ કેટલું પણ નાનું કે બીનમહત્વનું લાગે, તેને ધ્યાનમાં લીધા વિના – મહત્ત્વની વાત છે કે તેઓ તેમને પ્રેમ કરે છે.

## (ડ) વ્યક્તિગત પસંદગી!

ઈશ્વરની પસંદગી ઊંડાણપૂર્વક વ્યક્તિગત છે. યશાયા ૪૩:૧ કહે છે, **"...મેં તારું નામ લઈને તને બોલાવ્યો છે; તું મારો છે."** ઈસુ ખ્રિસ્તે વ્યક્તિગત રીતે તેમના દરેક શિષ્યોની પસંદગી કરી હતી, તેમના વ્યક્તિત્વ, શક્તિઓ અને નબળાઈઓ વિશે સંપૂર્ણપણે સજાગતા સાથે.

ઈશ્વરના તેડાંનું આ વ્યક્તિગત પાસું દિલાસો અને મહત્વ બંને લાવે છે. આપણને આમ જ પસંદ કરવામાં આવ્યા નથી – આપણને વ્યક્તિગત રૂપે પસંદ કરવામાં આવ્યા છે, જાણીને અને ઈશ્વર દ્વારા પ્રેમથી. (મારા પાછળ પુનરાવર્તન કરો):

મને એમ જ પસંદ કરવામાં આવ્યો નથી – હું ઈશ્વરની વિશિષ્ટ, ખાસ પસંદગી છું. બીજો નહિ, પણ શ્રેષ્ઠ.

૧ પિતરને પત્ર ૨:૯માં, આપણે વાંચીએ છીએઃ

**"પણ તમે તો પસંદ કરેલી જાતિ, રાજમાન્ય યાજકવર્ગ, પવિત્ર પ્રજા તથા પ્રભુના ખાસ લોક છો કે, જેથી જેણે અંધકારમાંથી પોતાના આશ્ચર્યકારક પ્રકાશમાં આવવાનું આમંત્રણ આપ્યું છે, તેના સદગુણો તમે પ્રગટ કરો."**

ઈશ્વર પુષ્ટિ કરી રહ્યા છે કે આપણે તેમની પસંદ કરેલી પેઢી છીએ. યાદ રાખો, આપણે ફક્ત પસંદ થયેલા નથી – આપણે ઈશ્વરની વ્યક્તિગત, ઈરાદાપૂર્વકની પસંદગી છીએ.


શાકભાજીના બજારમાં આપણે કેવી ખરીદી કરીએ છીએ તે વિશે વિચાર કરોઃ આપણે એમ જ કંઈ પણ ખરીદી લેતા નથી. આપણે જે શ્રેષ્ઠ છે અને આપણને સૌથી વધુ ગમે છે તે પસંદ કરીએ છીએ. તે જ રીતે, ઈશ્વર આપણને – ઈરાદાપૂર્વક અને પ્રેમથી – તેમના પોતાના બનવા માટે પોતાના હાથે ચૂંટી કાઢે છે. સૃષ્ટિના સર્જનહાર, રાજાઓના રાજા, મને તેમની પસંદ કરેલી પેઢીનો ભાગ બનવા માટે પસંદ કરે છે તે જાણવાનો અતુલ્ય લહાવો અને આનંદ કેવો આશ્ચર્ય પમાડે એવો છે!

## II. ઈશ્વરની પસંદગી કરવાની પદ્ધતિ!

સંપૂર્ણ શાસ્ત્ર દરમ્યાન, આપણે ઈશ્વરની પસંદગીમાં એક એકરૂપ નમૂનો જોયો છે : તેઓ ઘણીવાર અસંભવિત ઉમેદવારોની પસંદગી કરે છે. તેની પસંદગીઓ અણધારી, અનપેક્ષિત અને બિનશરતી છે.

## (અ) ઈબ્રાહિમ!

ઉત્પત્તિ ૧૨:૧–૩માં, ઈશ્વર ઈબ્રાહિમને કાસ્દીઓના દેશને છોડી દેવા અને તેમને અનુસરતા અજાણ્યા દેશમાં જવા કહે છે – વિશ્વાસની મુસાફરીમાં. ઈબ્રાહિમ ૭૫ વર્ષનો હતો અને નિઃસંતાન હતો, તેમ છતાં ઈશ્વરે તેને ઘણા દેશોનો પિતા બનાવવાનું વચન આપ્યું હતું.



*ઈબ્રાહિમ પોતાની પત્ની વિશે જૂઠું બોલે છે*

શું તે દોષરહિત હતો? ચોક્કસપણે નહિ. તે તેની પત્ની સારાહ વિશે ખોટું બોલ્યો હતો, રાજા અબીમેલેખથી બચાવવા તેને તેની બહેન કહી હતી. (ઉત્પત્તિ ૨૦).

(આગળ પાન ૯ પર...)


ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE REACHING NATIONS

**નહેમ્યા બાઈબલ કોલેજો**

લાયકાતઃ ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ

**ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ**

**પ્રવેશ માટે ઝડપ કરશો!**

**ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા**

**માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)**

**હિન્દી (નિવાસી)** (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)

**માન્યતા પ્રાપ્તઃ છેલ્લા ૫૫ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા**

સંપર્ક કરો : **ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.

Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858

E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

## અદ્ભૂત ઈશ્વરના હાથમાં અદ્ભૂત સેવકો!

જ્યારે આપણે પાછળ ફરીને સુવાર્તાના અનેક સેવકોના જીવનોનો ઇતિહાસ જોઈએ છીએ, ત્યારે આપણે જોઈએ છીએ કે ઈશ્વરપિતા તેમના સેવકોની કાળજી લેવામાં તથા સર્વ સંજોગોમાં તેમની સર્વ જરૂરિયાતોને પૂરી પાડવામાં વિશ્વાસુ રહ્યા છે. તેમના દરેક સેવકો કોઈ પણ જરૂરિયાત વગરના હોઈ શકે પણ તેઓ તેમને સફળ બનાવવામાં વિશ્વાસુ રહ્યા છે. તેઓએ તેમને ક્યારે પણ અસ્વસ્થ રહેવા દીધા નથી.

વર્ષ ૧૯૮૨માં, મને સુવાર્તાનો ઉપદેશ આપવા માટે ચૈનાઈ (મદ્રાસ) પાસેના એક ગામમાં બોલાવવામાં આવ્યો હતો. તે કાર્યક્રમ સંપૂર્ણ દિવસ માટે હતો. મારે ત્યાં એક ટ્રેન પકડીને જવું પડ્યું હતું. મારા થોડોક સહકાર્યકરો ત્યાંની પ્રાથમિક વ્યવસ્થા કરવા આગલા દિવસે ત્યાં ગયા હતા. તે ચોક્કસ દિવસે, વહેલી સવારે મેં મારી જાતને તે કાર્યક્રમ માટે તૈયાર કરી અને ઘણી પ્રાર્થના કર્યા પછી રેલ્વે સ્થાનકે ગયો. પણ નિષ્ઠાવાન પ્રયત્નો કર્યા છતાં પણ, હું મારી મુસાફરી માટે જોઈતા નાણાંની વ્યવસ્થા કરી શક્યો નહોતો. ટ્રેનની ટિકિટ લેવા માટે મારી પાસે મારા પાકીટમાં કોઈ પણ નાણાં નહોતા.

જ્યારે હું રેલ્વે સ્ટેશન પહોંચ્યો ત્યારે મેં જોયું કે તે ચોક્કસ ટ્રેન પકડવા માટેની ટિકિટ ખરીદવા માટે લાંબી કતાર લાગી હતી. તે ગામમાંના કાર્યક્રમ માટે મારી હાજરીની ખરેખર જ જરૂર હતી, તેથી મારે ત્યાં જવા સિવાય બીજો કોઈ છૂટકો ન હતો. તેથી હું પણ કતારમાં ઊભો રહ્યો, જાણે કે મારી પાસે પણ અન્ય લોકોની જેમ ટ્રેનની ટિકિટ ખરીદવા માટે મારા પાકીટમાં પૂરતા નાણાં હતા. મારા આત્મામાં, હું ઈશ્વરના કોઈ ચમત્કાર માટે વિશ્વાસ રાખતો હતો.

કતાર ધીમે ધીમે સરકતી જતી હતી. જે લોકો મારી આગળ ઊભા હતા , તેઓ સક્રિય રીતે તેમના પાકીટો ખોલી રહ્યા હતા અને જોઈતી ચલણી નોટો આપીને ટિકીટ લેતા હતા અને વધેલાં નાણાં પાછાં મેળવી રહ્યા હતા. પણ, હું ઈશ્વરનો સાધારણ સેવક પોતે, જેનું પાકીટ ખાલી હતું, તે જાણતો ન હતો કે જ્યારે નાણાં ચૂકવવા માટે મારો વારો આવશે ત્યારે હું શું કરીશ અને કેવી રીતે ટિકિટ મેળવીશ. મારું હૃદય ઝડપથી જોર જોરથી ધડકતું હતું.

અંતે, મારો વારો આવ્યો કે હું નાણાં ચૂકવું અને ટિકિટ મેળવું. હું જાણતો નહોતો કે શું કરવું. ટિકિટબારી પરના માણસે મને પૂછ્યું, "તમે ક્યાં જવા માંગો છો?" જ્યારે મેં મારું મોંઢું ખોલ્યું અને કહ્યું, "હું જવા માંગુ છું.......", કે તરત જ મેં મારી પીઠ પાછળથી એક અવાજ સાંભળ્યો, જે ટિકિટબારી પરના માણસને કહી રહ્યો હતો કે, "સાહેબ, કૃપા કરીને તે માણસ પાસેથી નાણાં લેશો નહિ; હું પણ તેમની સાથે મુસાફરી કરી રહ્યો છું, હું તેમની ટિકીટના નાણાં ચૂકવીશ, મહેરબાની કરીને તેમની પાસેથી નાણાં લેશો નહિ...." ટિકિટબારી પરના કારકૂને મને વિનંતી કરી કે નાણાં ચૂકવશો નહિ, કેમ કે બીજી વ્યક્તિ તેનો મિત્ર હતો!

મારું હૃદય ટુકડા ટુકડા થઈ ગયું. હું મારી જાતને સંભાળી શક્યો નહિ. મેં તે જગ્યા છોડી દીધી અને નાના બાળકની જેમ રડ્યો કારણ કે મને સમજાયું હતું કે જેમની હું સેવા કરું છું, તે માલિક તેમના નાના સેવકની સંભાળ માટે કેટલી ચિંતા કરે છે. ત્યાર પછી તે ભાઈએ મારી ટિકિટ માટે નાણાં ચૂકવ્યા અને ટિકિટ મેળવી. અમે સાથે મુસાફરી કરી અને મેં મારી તે દિવસની વિષમ પરિસ્થિતિ અને ઈશ્વરના હસ્તક્ષેપ વિશે તેમને જણાવ્યું. તેમણે પણ આંસુઓ વહાવ્યા અને ઈશ્વરનો આભાર માન્યો. ઈશ્વરે તે દિવસના કાર્યક્રમને ભરપૂર આશીર્વાદિત કર્યો હતો!

વહાલા વાંચકો, પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમારા માટે અને તમારી સર્વ જરૂરિયાતો માટે પર્યાપ્ત છે. જો પ્રભુ તમને તેમના સેવાકાર્ય માટે બોલાવે છે, તો અચકાવો નહિ અથવા વિલંબ કરશો નહિ.

"**તેઓ તમને અનાથ નહિ મૂકશે...**" યોહાન ૧૪:૧૮.

~~~~~~

(પાન ૬ પરથી આગળ...)

તેણે હાગારને લીધી હતી અને બાદમાં તેણીને અને તેના પુત્રને તજી દીધા હતા. તેમ છતાં ઈશ્વર તેમની પસંદગી માટે વિશ્વાસુ રહ્યા હતા.

ઈશ્વર વિશ્વાસુ રહેશે – તમે કોણ છો તે મહત્વનું નથી!

### (બ) મૂસા!

ઈશ્વરે મૂસાને બોલાવ્યો હતો જ્યારે તેણે તેનો સર્વ આત્મવિશ્વાસ અને મહત્વાકાંક્ષા ગુમાવી દીધા હતા. હવે તે પોતાની જાતને નેતૃત્વ કરવા સક્ષમ જોતો ન હતો. એક ભરવાડ તરીકેની જીંદગીથી સંતુષ્ટ, મૂસાએ બળતા ઝાડવા મધ્યે ઈશ્વરનો સામનો કરવો પડ્યો હતો અને બહાના પછી બહાના સાથે પ્રતિસાદ આપ્યો હતો. (નિર્ગમન ૩ અને ૪).

આપણામાંના કેટલા લોકો આ જ કરી રહ્યા છે – આપણા જીવનો માટેના
~~~~~~

ઈશ્વરના હેતુને સ્વીકારવાને બદલે આપણે બહાના પર બહાના કાઢ્યા કરીએ છીએ?

મૂસાના આત્મ-દ્રષ્ટિકોણ અને તેના પ્રત્યેના ઈશ્વરના દ્રષ્ટિકોણ વચ્ચેના તીવ્ર વિરોધાભાસની નોંધ લો :

નિર્ગમન ૩:૧૧: **"હું કોણ કે ફારુનની પાસે જઈને ઈસ્રાએલપુત્રોને મિસરમાંથી કાઢી લાવું?"**

નિર્ગમન ૪:૧: **"પણ જોજે, તેઓ મારું કહેવું ખરું નહિ માને, ને મારી વાણી નહિ સાંભળે તો?"**

નિર્ગમન ૪:૧૦: **"હું બોલાવે ધીમો છું, ને મારી જીભ મંદ છે."**

(નિર્ગમન ૪:૧૩): **"હે પ્રભુ, કૃપા કરીને જેને તું મોકલે તેની હસ્તક કહેવડાવી મોકલજે."** એટલે કે, હે પ્રભુ, તમારા સેવકને માફ કરજો. કૃપા કરીને કોઈ બીજાને મોકલો. આ મૂસાની સ્વયં-દ્રષ્ટિને પ્રતિબિંબિત કરે છે - અચકાવું, અસુરક્ષિત લાગવું અને પોતે અયોગ્ય હોય એવું લાગવું.

પણ હવે ઈશ્વરના પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં લો.

નિર્ગમન ૩:૧૦: **"માટે હવે ચાલ, મિસરમાંથી મારા લોક ઈસ્રાએલપુત્રોને કાઢી લાવવા માટે હું તને ફારુન પાસે મોકલું છું."**

ઈશ્વરે મૂસાને તારનાર, આગેવાન, રક્ષક અને તેમના લોકોને છોડાવનાર તરીકે જોયો હતો. જ્યારે મૂસાએ પોતાની જાત પર શંકા કરી હતી, ત્યારે ઈશ્વરે તેને દૈવી સેવાકાર્ય સોંપ્યું હતું. કદાચ, જેમ તમે આ વાંચશો, ઈશ્વર તમારી પોતાની મર્યાદિત સ્વયં-દ્રષ્ટિકોણનો સામનો કરી રહ્યા છે. ઈશ્વરના પરિપ્રેક્ષ્ય દ્વારા પોતાને જોવાનું શરૂ કરવાનો આ સમય છે. ઈશ્વરને મર્યાદિત ન રાખો. જ્યારે ઈશ્વરે મૂસાને તેડ્યો હતો, ત્યારે તે ૮૦ વર્ષની વયનો હતો. ઈશ્વરનો સમય માનવીય અપેક્ષાઓ સાથે એકરૂપ થાય છે. મૂસાની કથિત અપૂર્ણતા પોતે જ એક મંચ બની હતી જેના પર ઈશ્વરનું સામર્થ્ય પ્રદર્શિત થયું હતું. મહત્વની વાત હતી શરણાગતિ - તે સર્વને તેમના પગ આગળ મૂકી દો.

## (ક) દાઉદ!



*ઈશ્વરે દાઉદને તેના હૃદય તરફ જોઈને પસંદ કર્યો હતો*

દાઉદ કોઈ નોંધપાત્ર કુટુંબમાંથી નહોતો. તેની પાસે કોઈ પ્રતિષ્ઠિત પૃષ્ઠભૂમિ નહોતી અને તેના પોતાના કુટુંબ દ્વારા પણ તેની અવગણના કરવામાં આવી હતી. અભિષિક્ત થયો હોવા છતાં, તે અવગણવામાં આવતો સૌથી નાનો પુત્ર હતો, ઘણીવાર ભૂલાઈ ગયો હતો - તેમ છતાં તે ઈસ્રાએલનો મહાન રાજા બન્યો હતો.

**ઈશ્વરે દાઉદને તેના દેખાવ અથવા મોભા પ્રમાણે પસંદ કર્યો નહોતો; તેમણે તેને તેના હૃદય તરફ જોઈને તેને પસંદ કર્યો હતો.** (૧ શમુએલ ૧૬:૭).

જ્યારે દાઉદે ગંભીર રીતે પાપ કર્યું હતું, જોકે ઈશ્વર તેના પુત્રને લઈ લઈને તેમને શિસ્તબદ્ધ કરે છે, તેમ છતાં તેઓ દયા દર્શાવે છે અને જ્યારે દાઉદે પસ્તાવો કર્યો હતો ત્યારે તેઓ વિશ્વાસુ રહ્યા હતા. ઈશ્વરે પોતાનો પ્રેમ પાછો ખેંચી લીધો નહોતો. તેમણે દાઉદની પસંદગી કરી હતી!

## (ડ) શિષ્યો!

બાર શિષ્યો અલગ અલગ અને ઘણીવાર બીન પ્રભાવશાળી પાર્શ્વભૂમિમાંથી આવ્યા હતા - માછીમારો, કર ઉઘરાવનાર; સિમોન, એક અતિઉત્સાહી ઝનૂની માણસ; કેટલાક અભણ માછીમારો હતા. આ સામાન્ય માણસો હતા, ખામીયુક્ત અને ઘણીવાર નિષ્ફળ જતા હતા, જેમ સુવાર્તા બતાવે છે.

છતાં, ઈસુ ખ્રિસ્તે ક્યારેય તેમનું તેડું પાછું ખેંચી લીધું નહોતું. પ્રેરિતોનાં કૃત્યોના પુસ્તકમાં, પચાસમાના દિવસ પછી આપણે આમૂલ પરિવર્તનના સાક્ષી બનીએ છીએ, સામાન્ય લોકો દ્વારા ઈશ્વરના સામર્થ્યને કાર્યરત કર્યું હતું.

વહાલા મિત્રો,

આપણી લાયકાતોને કારણે આપણી પસંદગી કરવામાં આવી નથી, પણ ઈશ્વરની સાર્વભૌમ ઈચ્છા અને અવિશ્વસનીય પ્રેમને કારણે. તેમની પસંદગીઓ માનવીય તર્કથી પર છે.

તેઓ તેમના સામર્થ્યને પ્રદર્શિત કરવા માટે નિર્બળોને પસંદ કરે છે. તેઓ જ્ઞાનીઓને શરમાવવા માટે મૂર્ખોનો ઉપયોગ કરે છે. તેઓ તે બાબતોને અસ્તિત્વમાં લાવે છે જે હજી અસ્તિત્વમાં હોતી નથી. તેઓ આપણે ક્યારેય માગીએ કે કલ્પના કરી શકીએ તેના કરતા વધારે કરી શકે છે.

તે આપણા ઈશ્વરનું સામર્થ્ય છે.

તેઓ તેમના મહિમા માટે કોઈપણનો ઉપયોગ કરી શકે છે - તેમની પસંદગીઓ ઈરાદાપૂર્વકની છે!

યાદ રાખોઃ તમને ઈશ્વરે પસંદ કર્યા છે.

તમે ચૂંટાયેલા હતા. ઈરાદાપૂર્વક એક દૈવી હેતુ માટે પસંદ થયેલ - ફળ આપવા માટે. ઈશ્વર એવા જીવનની અપેક્ષા રાખે છે જે ફળ ઉત્પન્ન કરે.

હું પ્રાર્થના કરું છું કે ઈશ્વર આપણ દરેકને તેમના મહિમા માટે ફળ આપતા જીવન જીવવા માટે સામર્થ્યવાન બનાવશે, કેમ કે જ્યારે તેઓ પાછો આવશે, ત્યારે તેઓ ફળની શોધ કરશે.

******


**ખ્રિસ્તી કાર્યાલય માટે તાકીદની જરૂરિયાત**

**૧. કોમ્પ્યુટર ઓપરેટરો**

**૨. છાપખાનું ચલાવનાર ઓપરેટરો**

**Contact : (+91) 98412 71858, E.mail : sam@echoofhiscall.org**


**નોટિસ**

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો
(+91) 98410 71858,
(+91) 98412 71858
(main numbers) - સંપાદક

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### 1. Bank : State Bank of India

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### 2. Bank : ICICI Bank

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### 3. Bank : State Bank of India

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/24-26**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS Patrika Channel"**
**on 16th JULY 2025**
If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**